ફોજદારી કેસ નં. **19165/2023**
**આંક-**

આરોપીઓનું નામ: **1) NATUBHAI MELABHAI THAKOR AND**
**2) REKHABEN @ RIYA W/O JAYENDRABHAI @ SURESHBHAI KAHAR**
પોલીસ સ્ટેશન : **HARNI POLICE STATION - VADODARA DISTRICT**
એફ.આઈ.આર.નં.: **11196036230179**

**ગુન્હો :- ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ)(એ), ૮૧ મુજબ...**

**-:: ચુ કા દો ::-**

(૧) આ કામના આરોપીઓ વિરુધ્ધ પોલીસ ધ્વારા ઉપરોક્ત મુજબનો ગુનો નોંધેલ છે અને ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓ હાજર થતા, આરોપીઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પૂરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓ પોતાની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોઈ, ગુના કબૂલાત પુરશીશ રજુ કરેલ છે, જે ધ્યાને લેતા આરોપીઓ સ્વેચ્છાપૂર્વક ગુનો કબુલ કરવા માંગતા હોઈ, કબુલાત સ્વીકારી, આરોપીઓને તેમની સામેના ગુનાની હકીકત વાંચી-સંભળાવી, સમજાવતા, આરોપીઓ કોઈપણ જાતની ધાક ધમકી કે દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોય તેમ જણાવે છે. જેથી આરોપીઓની ગુના સંબધે પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીઓએ ગુનો કબુલ હોવાનું સ્વીકારી અને તેમનો પ્રથમ ગુનો હોઈ અને પોતે બાળ-બચ્ચા વાળા હોઈ અને કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે હોવાનું જણાવી હળવી સજા કરવા વિનંતી કરેલ છે.

(૩) આરોપીઓની ગુનાની કબુલાત જોતા તે સ્વૈચ્છીક હોવાનું જણાય છે. જેથી આરોપીઓની ગુના કબુલાત સ્વીકારી આરોપીઓની ગુના અંગેની વિગતો તથા તેઓએ ગુનો કબુલ કરેલ છે તે હકીકત તેમજ ***નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર., પાનુ-૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હિરાચંદજી ઠાકોર તેમજ ૨૦૧૩(૨) જી.એલ.આર. ૯૭૪ રમેશચંદ્ર ભીખાલાલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત***ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો અનુસાર આરોપીઓને હળવી સજા કરવાનું વ્યાજબી જણાતુ હોઈ, હું નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-:: હુકમ ::-**

- આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૨ અન્વયે, ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ)(એ), ૮૧ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, પ્રત્યેક આરોપીને **રૂા.૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા કુલ મળીને રૂ.૧૦૦ x ૨ = રૂ.૨૦૦/-** નો દંડ કરવામાં આવે છે અને દંડ ના ભરે તો, દિન-૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
  હુકમ આજરોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૯/૦૯/૨૦૨૩.
સ્થળ: વડોદરા

**(આશિષ કે. શાહ)**
છઠ્ઠા એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
વડોદરા
જજ કોડ નં. જીજે ૦૧૬૩૨